# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

NAVSARI AGRICULTURAL UNIVERSITY
www.nau.in

www.aau.in

www.jau.in

www.sdau.edu.in

**ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ઓનલાઇન કેન્દ્રિય પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫**

ગુજરાત રાજ્યની નવસારી, આણંદ, જૂનાગઢ તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓમાં ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ સાથે) ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો માટે કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન પ્રવેશ અરજીપત્રક ભરવા માટે વેબસાઇટ **ug.gsauca.in** પર તા.૦૧/૦૬/૨૦૨૪ થી તા.૩૦/૦૬/૨૦૨૪ દરમ્યાન નીચે દર્શાવેલ **પ્રોગ્રામ કેટેગરી**ના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા પ્રોગ્રામ કેટેગરી પ્રમાણે અલગ-અલગ દરેકની અરજી ફી પેટે રૂા. ૩૦૦/- UPI/ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડ/ઓનલાઇન નેટ બેન્કિંગ દ્વારા ભર્યા બાદ ઓનલાઇન ફોર્મ ભરી શકાશે તેમજ પ્રવેશ પ્રક્રિયા પણ ઓનલાઇન થશે.

પ્રવેશ અંગેની સંપૂર્ણ વિગતવાર માહિતી **ug.gsauca.in** પરથી તા.૨૭/૦૫/૨૦૨૪ થી મેળવી શકાશે. સદર કાર્યક્રમની તારીખોમાં ફેરફાર ને અવકાશ હોઈ, આ અંગેની અદ્યતન માહિતી ઉપરોકત વેબસાઇટ ઉપરથી ઉમેદવારે મેળવી લેવાની રહેશે, આ અંગેની કોઈપણ જાહેરાત હવે પછી દૈનિક સમાચારપત્રોમાં આપવામાં આવશે નહીં જેની વાલી/ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી.

| **પ્રોગ્રામ કેટેગરી** | **સંલગ્ન અભ્યાસક્રમો** | **ગ્રુપ** | **અરજી ફી ની રકમ** |
|---|---|---|---|
| 1 | B.Sc. (Hons.) Agriculture<br>B.Sc. (Hons.) Horticulture<br>B.Sc. (Hons.) Forestry<br>B.Tech. (Biotechnology) | PCB/PCMB (B-Group/AB-Group) માટે | રૂ. ૩૦૦/- |
| 2 | B.Tech. (Agricultural Engineering)<br>B.Tech.(Food Technology)<br>B.Tech.(Renewable Energy & Environmental Engineering)<br>B.Tech.(Agricultural Information Technology) | PCM/ PCB/ PCMB<br>(A-Group / B-Group/AB-Group) માટે | રૂ. ૩૦૦/- |
| 3 | B.Sc. (Hons.) Community Science<br>B.Sc. (Hons.) Food Nutrition & Dietetics | PCM/ PCB/PCMB<br>(A-Group/ B-Group/AB-Group) માટે | રૂ. ૩૦૦/- |

નોંધ: PCM = Physics, Chemistry and Mathematics PCB = Physics, Chemistry and Biology
PCMB = Physics, Chemistry, Mathematics and Biology

અગત્યની સૂચના :

(૧) સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઈચ્છુક દરેક ઉમેદવારે વર્ષ ૨૦૨૪ માં લેવાયેલ GUJCET-2024 પરીક્ષા આપેલ હોવી જરૂરી છે. જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડ દ્વારા જૂન-૨૦૨૪ માં લેવાનાર બીજી ગુણ સુધારણા પરીક્ષા અથવા પૂરક પરીક્ષા આપનાર છે તેવા લાયક વિદ્યાર્થીઓ પણ ફોર્મ ભરી શકશે.

(૨) ઉમેદવારોએ ઓનલાઇન ફોર્મ ભરવા માટે જરૂરી ડોક્યુમેન્ટસ/ફોટોગ્રાફ/સહી વિગેરે તમામ વિગતો વાંચી શકાય તે રીતે સ્કેન કરી PDF ફાઈલ (સોફ્ટ કોપી)માં તૈયાર કરી પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

(૩) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા ઓનલાઇન વેબસાઇટ પરથી તા.૨૭/૦૫/૨૦૨૪થી ડાઉનલોડ કરી શકાશે. માહિતી પુસ્તિકાનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે.

(૪) ઉમેદવારોના ઓનલાઇન ફોર્મ ભરાયા બાદ વેરીફીકેશન ઓનલાઇન જ કરવામાં આવશે.

(૫) ફોર્મ વેરીફીકેશન થયા બાદ ઉમેદવારે કોલેજ પસંદગી (ચોઇસ ફીલીંગ) કરવી ફરજીયાત છે. જે ઉમેદવારોએ ચોઇસ ફીલીંગ ન કરેલ હોય તેઓનું નામ મેરીટ યાદીમાં સમાવેશ થશે નહીં.

(૬) ફોર્મ ભરતી વખતે ધ્યાનમાં લેવાની અગત્યની બાબતો તેમજ વખતો વખતની અન્ય વધુ માહિતી મેળવવા માટે ઉમેદવારે/વાલીએ વેબસાઇટ **ug.gsauca.in** પર સતત જોતા રહેવું. આ ઉપરાંત ચારેય કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઇટ પરથી પણ માહિતી મેળવી શકાશે.

તા. ૨૧/૦૫/૨૦૨૪

**કુલપતિ અને નોડલ અધિકારીશ્રી (સ્નાતક પ્રવેશ)**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**